# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 26-05-2025 Day: Monday Morning : 6.50 to 6.55 am**

આકાશવાણી ભુજ સમાચાર **જાગૃતી વકીલ** વાંચે છે.

---

## PM-કચ્છ મુલાકાત અહેવાલ:

ઓપરેશન સિંદૂર બાદ આજે પ્રથમ વખત પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ગુજરાતની મુલાકાતે આવી રહ્યા છે. આજે અને આવતીકાલની બે દિવસની દરમિયાન તેઓ દાહોદ, ભુજ અને ગાંધીનગરમાં વિવિધ વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે.

આજે ભુજમાં રોડ શો બાદ પ્રધાનમંત્રીના હસ્તે વિવિધ વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવશે.

આ અંગે સાંભળીએ એક વિશેષ અહેવાલ........

*પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે ભુજ ખાતે વિશાળ જનમેદનીને સંબોધવા સાથે ૫૩ હજાર કરોડ રૂપિયાથી વધુના વિકાસ પ્રકલ્પોની ગુજરાતને ભેટ આપશે.*

*ઓપરેશન સિંદૂર બાદ પ્રથમ વખત ગુજરાતની મુલાકાતે આવી રહેલા શ્રી મોદીને આવકારવા કચ્છી માડુઓમાં અનેરો ઉત્સાહ અને ઉમંગ જોવા મળી રહ્યો છે. તેમના આગમનના આનંદમાં સમગ્ર ભુજ દેશભક્તિના રંગે રંગાયેલું જોવા મળી રહ્યું છે.*

*પ્રધાનમંત્રી ભુજ વિમાનીમથકથી સીધા બપોરે સાડા ત્રણ વાગ્યે હીલગાર્ડન રોડ પહોંચશે. જ્યાં તેમને આવકારવા એક કિલોમીટર લાંબા ત્રિરંગા સાથે રોડ-શો યોજાશે. જેમાં વિવિધ સમાજોના લોકો પોતાના પરંપરાગત પોશાકમાં દેશપ્રેમની ઝાંખી સાથે કચ્છની સાંસ્કૃતિક ઝલક અને રાષ્ટ્રીય એકતા પ્રદર્શિત કરશે. રોડ-શોમાં લોકોનું અભિવાદન ઝીલી શ્રી મોદી સીધા ભુજ-મિરઝાપર હાઇવે પર સભા સ્થળે પહોંચી કચ્છની પ્રજા સાથે રૂબરૂ થશે અને 53,414 કરોડ રૂપિયાના ખર્ચે 33 વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે.*

*આ વિકાસકાર્યોમાં ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ, માર્ગ અને મકાન વિભાગ, પાણી પુરવઠા વિભાગ, પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ, પાવરગ્રીડ તેમજ દીનદયાલ પોર્ટ ઓથોરિટીના વિવિધ પ્રકલ્પોનો સમાવેશ થાય છે. કચ્છ ઉપરાંત, જામનગર, અમરેલી, જુનાગઢ, ગીર સોમનાથ, અમદાવાદ, તાપી અને મહિસાગર જિલ્લાને વિવિધ વિકાસકામોની ભેટ મળશે.*

*અશરફ નથવાણી, આકાશવાણી સમાચાર, ભુજ*

દરમ્યાન ગઈકાલે સુરક્ષા વ્યવસ્થાનું ગ્રાન્ડ રિહર્સલ એસપીજી દ્વારા  કરવામાં આવ્યુ હતું, એ સુરક્ષા વ્યવસ્થા સહિતની તૈયારીને આખરી ઓપ આપવામાં આવ્યો હતો.

---------------------------------------------------------------------------------------------------

## રસ્તા,ટ્રાફિક નિયંત્રણ જાહેરનામું:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ઓપરેશન સિંદૂર બાદ આજે પ્રથમવાર કચ્છની મુલાકાતે આવી રહ્યા છે. ભુજમાં તેમના રોડશો અને જાહેરસભાને સંદર્ભે કલેકટર આનંદ પટેલે ટ્રાફિક નિયંત્રણનું જાહેરનામું બહાર પાડ્યું છે.

આજે બપોરે 1 થી સાંજે 7 વાગ્યા સુધી ભુજ શહેરના કેટલાક માર્ગો બંધ રહેશે. 36 કવાટર્સ ત્રણ રસ્તાથી એરપોર્ટ ત્રણ રસ્તા, કોડકી ચાર રસ્તા, ત્રિમંદિર અને પ્રિન્સ રેસિડેન્સી ત્રણ રસ્તાથી ભગવતી ચાર રસ્તા સુધી વાહનોની અવરજવર પર પ્રતિબંધ રહેશે.વૈકલ્પિક માર્ગ તરીકે, 36 કવાટર્સથી સરપટ નાકા થઈને ભુજ શહેરમાં પ્રવેશી શકાશે. માંડવી, માતાના મઢ, નખત્રાણા અને નારાયણ સરોવર જવા માટે 36 કવાટર્સથી રેલ્વે સ્ટેશન, આત્મારામ સર્કલ, RTO સર્કલ થઈને મિરઝાપર ગામ તરફનો માર્ગ ઉપલબ્ધ રહેશે.

ભુજ શહેરમાં પ્રવેશ માટે મિરઝાપર ગામના બે નંબરના ગેટથી ગૌશાળા થઈને મુંદરા રોડ માર્ગનો ઉપયોગ કરી શકાશે. સરકારી વાહનો, પોલીસ અધિકૃત વાહનો, એમ્બ્યુલન્સ અને ફાયર બ્રિગેડના વાહનોને આ પ્રતિબંધમાંથી મુક્તિ આપવામાં આવી છે.

---------------------------------------------------------------------------------------------------

## PM-મન કી બાત:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે ઓપરેશન સિંદૂરથી સમગ્ર વિશ્વમાં આતંકવાદ સામેની લડાઈમાં નવી તાકાતનો સંચાર થયો છે. આકાશવાણી પર મન કી બાત કાર્યક્રમમાં દેશને સંબોધતા, શ્રી મોદીએ ઓપરેશન સિંદૂર દરમિયાન સશસ્ત્ર દળોના સાહસની પ્રશંસા કરી. તેમણે સરહદ પાર આતંકવાદીઓના ઠેકાણાઓનો નાશ કરવા માટે સેનાએ જે ચોકસાઈથી કામ કર્યું તેની પણ પ્રશંસા કરી. તેમણે કહ્યું કે આજે સમગ્ર રાષ્ટ્ર આતંકવાદ સામે લડવા માટે એકજૂથ અને પ્રતિબદ્ધ છે.

(બાઈટ-P.M)

દરમિયાન, શ્રી મોદીએ ગીરમાં થયેલી સિંહોની વસતિ ગણતરીને ઉત્સાહ વધારનારી ગણાવી. તેમણે જણાવ્યું કે ગુજરાત પહેલું રાજ્ય બન્યું જ્યાં મહિલાઓને મોટાપાયે વન અધિકારીઓના પદો પર તહેનાત કરવામાં આવી છે.

---

## IPL:

ચેન્નાઇ સુપર કિંગની ટીમે ગુજરાત ટાઇટન્સની ટીમને 83 રને હરાવી આઇ.પી. એલની પ્રવર્તમાન શ્રેણીમાં મહત્વની સફળતા મેળવી છે.ગઈકાલે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ પરની મેચમાં ચેન્નાઈની ટીમે 5 વિકેટે 230 રન કર્યા હતા. વળતા જવાબમાં ગુજરાતની ટીમ 147 રન કરી શકી હતી. પોઇન્ટ ટેબલમાં મોખરે રહેલી ગુજરાતની ટીમનો પાંચમો પરાજય છે, જ્યારે પોઇન્ટ ટેબલમાં સૌથી છેવાડે રહેલી ચેન્નાઇ ટીમનો લાંબા સમયે વિજય થયો છે. આ ટીમને ચોથી સફળતા મળી છે.

---

## હવામાન:

વૈશાખ માસના આખરી સપ્તાહમાં કચ્છમાં કાળઝાળ ગરમી અનુભવાઈ રહી છે. ભુજમાં પારો 42 ડિગ્રીએ પહોંચવા છતાં ભુજે રાજ્યના ગરમ મથકોમાં મોખરાનું સ્થાન જાળવી રાખ્યું હતું.જેથી જનજીવન લૂવર્ષાથી ત્રાહિમામ પોકારી ઊઠયું હતું. કમોસમી વરસાદની આગાહી વચ્ચે જિલ્લાનું વાતાવરણ સૂર્ય પ્રકાશિત રહ્યું હતું. ભુજની સાથે રાજકોટ પણ 42 ડિગ્રીએ રાજ્યનું સૌથી ગરમ મથક બન્યું હતું. અંજાર - ગાંધીધામમાં 39.6 ડિગ્રીએ તાપમાં થોડી રાહત જોવા મળી હતી. લઘુતમ પારો 27થી 29 ડિગ્રી નોંધાતાં રાત પણ શીતળતાના બદલે અકળાવનારી રહી હતી. હવામાન વિભાગે ગરમીનો દોર જારી રહેવાની આગાહી કરી છે.

---------------------------------------------------------------------------------------------------